KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 18th July, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

..........................................................................., ભાવનગર.

**લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ હેતુ**
**'ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનીકરણ' વિષય પર યોજાશે શિક્ષક કાર્યશાળા.**

ભારત દેશના પ્રત્યેક વિદ્યાર્થીઓમાં સંશોધન પ્રત્યે રૂચી કેળવાય તેવા હેતુથી છેલ્લા ૨૪ વર્ષથી 'રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ'નું ચોક્કસ વિષયને કેન્દ્રસ્થાને રાખીને પ્રતિ વર્ષે ૧૦ થી ૧૭ વય જૂથના વિદ્યાર્થીઓ માટે ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ NCSTC નેટવર્ક દ્વારા **રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ**નું આયોજન કરવામાં આવેછે. વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭ માટે 'ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનીકરણ' મુખ્ય વિષય અને ૭ પેટા વિષયો આધારિત સંશોધન કાર્ય થનાર છે. જેનું **રાષ્ટ્રીય કક્ષાનું ૨૫મું અધિવેશ ગુજરાતના આંગણે સાયન્સ સીટી, અમદાવાદ ખાતે ૨૮ થી ૩૧ ડીસેમ્બર, ૨૦૧૭ દરમ્યાન થનાર છે.**

શિક્ષણ નિયામકશ્રી દ્વારા વધુમાં વધુ શાળાઓના વિદ્યાર્થીઓને આ પ્રવૃત્તિમાં ભાગ લે તેવા પ્રયત્નો કરવા જણાવ્યું છે. રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદનું રાજ્ય કક્ષાનું સંકલન ગુજરાત રાજ્યમાં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે.

ભાવનગર જીલ્લામાં જીલ્લા કક્ષાનું સંકલન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કરવામાં આવે છે. જેના અનુસંધાને જીલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ અંગેની **શિક્ષક કાર્યશાળા**નું આયોજન થનાર અગામી દિવસોમાં થનાર છે. આ તાલીમમાં સંશોધનમાં રસ ધરાવતા કોઈપણ વિષયના એક શિક્ષકે ફરજીયાત હાજર રહી તાલીમ લેવાની રહેશે.

કાર્યશાળામાં આપની શાળાની નોંધણી કરાવવા માટે શાળાના લેટર હેડ પર તાલીમમાં આવનાર શિક્ષકનું નામ, ફોન નંબર, ઇમેલ, અભ્યાસ વગેરે વિગતો સાથે તા. ૨૫/૦૭/૨૦૧૭ સુધીમાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, 'વિજ્ઞાન ભવન', પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ, પંજાબ નેશનલ બેંક વાળી ગલી, હિલ ડ્રાઈવ, ભાવનગર ખાતે રૂબરૂ, ફોન (0278 2570111 – 110) ઈ–મેઈલ (krcscbvn@gmail.com) અથવા Whatsapp (9979707221) પર નોંધણી કરાવી લેવા લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેનશ્રી દ્વારા અનુરોધ કરાયો છે.

18.7.17
(હર્ષદ જોષી)
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.